# Visit of Minister of State for External Affairs Smt. Meenakashi Lekhi to Norway, Iceland and Malta (August 16-23, 2022)

## રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રી શ્રીમતિ મીનાક્ષી લેખીની નોર્વે, આઈસલેન્ડ અને માલ્ટાની મુલાકાત (16-23 ઓગસ્ટ, 2022)

10 ઓગસ્ટ, 2022

રાજ્ય કક્ષાનાં વિદેશી બાબતો અને સંસ્કૃતિનાં મંત્રી શ્રીમતિ મીનાક્ષી લેખી નોર્વે (16-18 ઓગસ્ટ), આઈસલેન્ડ (19-20 ઓગસ્ટ) અને માલ્ટા (21-23 ઓગસ્ટ) ની અધિકૃત મુલાકાત લેશે.

તેણીની ઓસ્લોની મુલાકાત દરમિયાન, રાજ્ય કક્ષાનાં મંત્રી નોર્વેનાં વિદેશ મંત્રી શ્રીમતિ એન્નિકેન હુઈટફેલ્ડ્ટને મળશે. તેણી એરેન્ડાલમાં આબોહવા અને પર્યાવરણ મંત્રી શ્રીમાન એસ્પેન બાર્થ એઈડે સાથે ભારત-નોર્વે હરિત ઊર્જા સહકાર પરની ચર્ચામાં પણ ભાગ લેશે.

રેકજાવિકમાં, રાજ્ય કક્ષાનાં મંત્રી વિદેશ મંત્રી શ્રીમતિ ખોર્ડિસ કોલબ્રુન ગીલફાડોટ્ટિર તેમ જ સંસ્કૃતિ અને વ્યાપારી બાબતોનાં મંત્રી શ્રીમતિ લિલજા આલ્ફ્રેડ્સડોટ્ટિસ સાથે ચર્ચાઓ કરશે. તેણી સંસદનાં સ્પીકર શ્રીમાન બિર્ગિર અર્માનસનની શુભેચ્છા મુલાકાત પણ લેશે.

વાલેટ્ટામાં, રાજ્ય કક્ષાનાં મંત્રી માલ્ટાનાં રાષ્ટ્રપતિ ડૉ. જ્યોર્જ વેલ્લાની શુભેચ્છા મુલાકાત લેશે, અને વિદેશ અને યુરોપીયન બાબતો અને વ્યાપાર મંત્રી ડૉ. ઈયાન બોર્ગ સાથે ચર્ચાઓ કરશે. તેણી પ્રવાસન મંત્રી તેમ જ રાષ્ટ્રિય વિરાસત, કલા અને સ્થાનિક સરકારનાં મંત્રીને પણ મળશે.

દ્વિપક્ષીય મીટિંગો ઉપરાંત, રાજ્ય કક્ષાનાં મંત્રી ત્રણ દેશોમાં ભારતીય સમુદાયનાં સભ્યોનાં લોકો સાથે સંવાદો કરશે અને 'આઝાદીનો અમૃત મહોત્સવ' નાં ભાગરૂપે સાંસ્કૃતિક/યોગ ઈવેન્ટ્સમાં ભાગ લેશે.

રાજ્ય કક્ષાનાં મંત્રી ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાનોને વધારે વેગ આપશે અને આ ત્રણ દેશો સાથે દ્વિપક્ષીય અને બહુપક્ષીય મંચોમાં સહકાર મજબૂત કરવાની તક પ્રદાન કરશે.

**નવી દિલ્હી**
**10 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.